સુવિચાર
મહાન વસ્તુની પ્રાપ્તિ ક્યારેય ઉત્સાહ કે લગન વિના થતી નથી...

RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક




રાજકોટ AIIMSના ઈન્ટર્ન ડૉક્ટરનો આપઘાત : ટ્રેન નીચે પડતુ મુકી જીવન ટૂંકાવ્યું P-4

Year-16, Issue-281 ■ DATE : 14-03-2026 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## ઈરાન સાથે સમજૂતી બાદ LPG પુરવઠો પૂર્વવત બનશે

### ૪૦ હજાર ટન એલપીજી સાથે ભારતીય જહાજ શિવાલીકે સલામત હોર્મુઝ જળમાર્ગ પસાર કર્યો : નેવીએ સુરક્ષા આપી




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ખાડીમાં ચાલી રહેલા યુદ્ધ અને ખાસ કરીને હોર્મુઝ જળમાર્ગ ઈરાને બંધ કરતા ભારત માટે ક્રુડતેલ અને ગેસના ટેન્કરો આ ક્ષેત્રમાંથી પસાર કરાવવાનું મુશ્કેલ બની ગયુ છે. તે વચ્ચે લાંબા સમયથી દરિયામાં ફસાયેલા ભારતીય એલપીજી ટેન્કર શીવાલીક એ ભારતીય નૌસેનાના પાયલોટીંગ વચ્ચે હોર્મુઝનો જળમાર્ગ સલામત પાર કરીને હવે ભારત ભણી રવાના થયુ છે.

એલપીજી ટેન્કર શિવાલીક ૪૦ હજાર ટન જેટલું એલપીજી લઈને રવાના થયુ હતું અને તે હોર્મુઝના જળમાર્ગ પાસે આવીને અટકી ગયુ હતું તે દરમ્યાન જ ભારતે હોર્મુઝના જળમાર્ગમાંથી ભારતીય વ્યાપારી જહાજોને સલામત રીતે પાર કરવા દેવા ઈરાન સાથે જે વાટાઘાટ કરી તે સફળ થઈ હતી.

તે દરમ્યાન એલપીજી કેરિયર શિવાલીક જે અહી ફસાયુ હતું તેને ભારતીય નૌકાદળે એસ્કોટ કરીને આ જળમાર્ગ પસાર કરાવ્યો હતો અને હવે તે મુંબઈ અથવા કંડલા પોર્ટ પર લાંગરશે. ભારતે આ ક્ષેત્રમાં આઈએનએસ સુરતને તૈનાત કર્યુ છે અને તે ભારતીય જહાજોને યુદ્ધ વચ્ચે સુરક્ષા આપવાનું કામ કરે છે. આ ઓઈલ ટેન્કર કુવૈતના અહમદી બંદરગાહ પર એલપીજી લઈને રવાના થયુ હતું. પરંતુ હોર્મુઝ જળમાર્ગ પાસે પહોંચીને તેના માટે આગળ વધવાનું મુશ્કેલ બનાવી દીધુ હતું.

વધુ એક એલપીજી ટેન્કર ભારત ભણી આવી રહ્યું છે. ભારતીય જહાજ શિવાલીક બાદ હવે ૩૬ લાખ એલપીજી સીલીન્ડર સાથે ૩૪ ક્રુમેમ્બર સાથેનું જહાજ હાલ યુએઈના મિના સાકર બંદર પર લંગર નાંખીને ઉભુ છે અને તેને પણ સલામત રીતે પરત લઈ અવાશે. આ જહાજના કેપ્ટન એ સંદેશ મોકલીને જણાવ્યું હતું કે મિસાઈલ અને ડ્રોન અમારા પરથી ઉડી રહ્યા છે અને અમને સુરક્ષાની જરૂર છે. કેપ્ટન વિરેન્દ્ર વિશ્વકર્મા મુંબઈના છે અને તેઓએ પોતાના પરિવારને પણ એક સંદેશ મોકલ્યો છે. હવે ભારતીય નૌકાદળ તેને પણ હેમખેમ પરત લઈ આવશે તેવા સંકેત છે.

## ઈરાનના ખાર્ગ ટાપુ પર અમેરિકાનો હુમલો



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ ઈરાનના ખાર્ગ ટાપુ પર લશ્કરી થાણાઓ પર મોટા પાયે બોમ્બમારો કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે આ કાર્યવાહીમાં ટાપુ પરના તમામ લશ્કરી સ્થાપનો સંપૂર્ણપણે નાશ પામ્યા હતા. ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં, તેમણે જણાવ્યું હતું કે આ હુમલો તેમના આદેશ પર કરવામાં આવ્યો હતો અને તે પ્રદેશના ઈતિહાસમાં સૌથી શક્તિશાળી બોમ્બમારો હતો.

ઈરાન યુદ્ધમાં અમેરિકાએ વધુ એક મોટો હુમલો કર્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકાની સેનાએ ઈરાનના ખાર્ગ ટાપુ પર ભારે બોમ્બમારો કર્યો છે. તેમણે દાવો કર્યો હતો કે ટાપુ પરના દરેક લશ્કરી થાણાનો નાશ કરવામાં આવ્યો છે અને ચેતવણી આપી હતી કે તેનું મહત્વપૂર્ણ તેલ માળખાકીય સુવિધા આગામી લક્ષ્ય હોઈ શકે છે.

## PNG નેટવર્ક હશે તો તૂર્ત ગેસ જોડાણ અપાશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

કોમર્શીયલ ગેસ સીલીન્ડરની સપ્લાય બંધ થવાથી રેસ્ટોરા તથા ખાણી-પીણીના નાના ધંધાર્થીઓ પર સંકટ સર્જાયુ છે. ત્યારે આ ક્ષેત્રને રાહત આપવા રાજય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જે મુજબ પાઈપલાઈન નેટવર્ક ઉપલબ્ધ હોય તેવા સ્થળોએ પીએનજી કનેકશન તાત્કાલીક અસરથી ફાળવવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યમાં પીએનજી ગેસ તથા પેટ્રોલિયમ પ્રોડક્ટસની સ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક ગાંધીનગરમાં યોજવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ આ બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે કે, રાજ્યના જે વિસ્તારોમાં સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન માટેનું પાઈપલાઈન ગેસ વિતરણ નેટવર્ક ઉપલબ્ધ છે તેવા વિસ્તારોમાં રેસ્ટોરન્ટ, હોટેલ્સ, શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક-ધાર્મિક સંસ્થાઓ તેમની જરૂરિયાત મુજબ નવા પીએનજી કનેક્શનની માંગણી કરે તો ત્યાં તત્કાલ અસરથી કનેક્શન આપી દેવાશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી,ઊર્જામંત્રી ઋષિકેશ પટેલ, અન્ન નાગરિક પુરવઠામંત્રી રમણભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં પ્રાકૃતિક ગેસ પુરવઠાની વર્તમાન સ્થિતિ અંગેની સમીક્ષામાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં પ્રાકૃતિક ગેસ પુરવઠો (પીએનજી)ના ડોમેસ્ટિક ઉપયોગ માટે ઘરે ઘરે પાઈપલાઈન દ્વારા ગેસ પુરવઠો મેળવી રહેલા નાગરિકો માટે હાલ રાજ્યમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

## દુબઈની ઓળખ છીનવાઈ

**મુખ્ય સમાચાર, દુબઈ**


ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધે દુબઈમાં અભૂતપૂર્વ પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. એક સમયે વિશ્વના સૌથી સુરક્ષિત અને સૌથી ગતિશીલ શહેરોમાંનું એક માનવામાં આવતું દુબઈ હવે લગભગ ખાલી દેખાય છે. વિદેશી રહેવાસીઓ અને પ્રવાસીઓ મોટાભાગે શહેર છોડીને ગયા છે, દરિયાકિનારા, પાર્ટી પૂલ, બીચ ક્લબ અને રેસ્ટોરન્ટ ખાલી છોડી દીધા છે. ખાલી જગ્યાઓમાં કામ કરતા સ્થાનિક કામદાર વર્ગ જ બચ્યો છે. તાજેતરના અહેવાલો અનુસાર, ઈરાની મિસાઈલ અને ડ્રોન હુમલાઓથી શહેરમાં આ પરિસ્થિતિ વધુ વણસી છે. ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓ બાદ, ઈરાને ગલ્ફ દેશોમાં અમેરિકન લશ્કરી થાણાઓને નિશાન બનાવીને બદલો લીધો. ઈરાને યુએઈ (અબુ ધાબી અને અન્ય વિસ્તારો) માં અમેરિકન થાણાઓ પર સેંકડો ડ્રોન અને બેલિસ્ટિક મિસાઈલો છોડ્યા છે. આ તણાવે દુબઈના ગ્લેમરને ભયની સ્થિતિમાં ફેરવી નાખ્યું છે.

## ઈરાકમાં US દૂતાવાસ પર મિસાઈલ હુમલો

**મુખ્ય સમાચાર, તહેરાન**

અમેરિકા-ઇઝરાયલ અને ઇરાન યુદ્ધનો આજે ૧૫મો દિવસ છે. ગાઝાના ઉગ્રવાદી સંગઠન હમાસે કહ્યું કે ઇરાનને અમેરિકા અને ઇઝરાયલના હુમલાઓનો જવાબ આપવાનો અધિકાર છે.

જોકે હમાસે એ પણ અપીલ કરી છે કે ઈરાન પડોશી દેશોને નિશાન ન બનાવે અને વિસ્તારના તમામ દેશો મળીને પરિસ્થિતિને શાંત કરવાનો પ્રયાસ કરે, જેથી ભાઈચારો જળવાઈ રહે.



આ દરમિયાન ઇરાકની રાજધાની બગદાદમાં આવેલા અમેરિકી દૂતાવાસ પર આજે મિસાઈલ હુમલો થયો છે. દૂતાવાસ પરિસરની અંદર બનેલા હેલિપેડ પર એક મિસાઈલ આવીને પડી.

સાઉદી અરેબિયાના એક એરબેઝ પર ઉભેલા અમેરિકી એરફોર્સના ૫ વિમાનો નષ્ટ થયાના સમાચાર સામે આવ્યા છે. અમેરિકી અખબાર ધ વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ અનુસાર, આ ઇંધણ ભરવાના ટેન્કર વિમાનો હતા અને તેમને ઇરાનના હુમલાથી નુકસાન થયું છે.




MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબી જીલ્લામાં ઘરેલું જરૂરીયાત માટેનો પૂરતો એલ.પી.જી.નો જથ્થો ઉપલબ્ધ






## મોરબી જીલ્લાના ગેસ એજન્સી નોડલ ઓફિસર તથા ડિસ્ટ્રિબ્યુટરની બેઠક કલેકટર કે.બી.ઝવેરીના અધ્યક્ષસ્થાને યોજાઇ ; ડોમેસ્ટીક ગેસમાં કાળા બજાર કરનારા તત્વો સામે કડક કાર્યવાહી કરાશે : પોલીસ અધિક્ષક મુકેશ પટેલ

**મુખ્ય સમાચાર, મોરબી**

જીલ્લા પુરવઠા અધિકારીની કચેરી દ્વારા ગેસ એજન્સી નોડલ ઓફિસર તથા ડિસ્ટ્રિબ્યુટરની બેઠક કલેક્ટર કે.બી.ઝવેરીના અધ્યક્ષસ્થાને તથા પોલીસ અધિક્ષક મુકેશ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ તકે કલેક્ટરે ગેસ એજન્સીના વિતરકોને ડોમેસ્ટિક ગેસ સિલિન્ડરના હેતુફેર કે કાળા બજાર ના કરવા માટે તાકીદ કરી હતી. જો ગેસ એજન્સી અને વિતરકો જો ડોમેસ્ટિક ગેસ સિલિન્ડર - એલ.પી.જી.ના કાળા બજાર કરતા ઝડપાશે તો તેની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસ અધિક્ષક મુકેશ પટેલે કહયુ હતું કે ગેસના બાટલા - એલ.પી.જી.માં કાળા બજાર કરનારા તત્વોને આવશ્યક ચીજ વસ્તુધારા હેઠળ ગુનાખોરી કરવા બદલ ધરપકડ કરવામાં આવશે. તેમજ આગળ જતાં પાસા જેવી સખત કાર્યવાહી પણ કરાશે. તેમજ આવી એજન્સીઓના લાયસન્સ રદ કરી તેમને બ્લેક લિસ્ટ કરાશે. જેથી હાલના સંજોગોમાં ગેસ વિતરણ-કર્તાઓ ગંભિરતા દાખવે તેવી તાકિદ કરાઇ હતી. ગેસ વિતરણ કરતી એજન્સીઓને એલપીજી સ્ટોકનું પરિવહન અને કાર્યક્ષમ રીતે વિતરણ માટે પોલીસ પ્રોટેકશન પણ પૂરું પડાશે. ગેસનું પરિવહન અને વિતરણ માન્ય વાહનમાં જ કરવાનું રહેશે.

વધુમાં કલેકટરે જણાવ્યુ હતુ કે, મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મોરબી જીલ્લામાં ઘરેલું જરૂરીયાત માટેનો પૂરતો એલ.પી.જી નો જથ્થો ઉપલબ્ધ છે. ઘરેલુ ગેસ સિલિન્ડર તથા પીએનજી ગેસ પાઇપલાઇન મારફત પૂરો પાડવામાં આવે છે તેનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ઘરેલું જરૂરીયાત માટેના એલ.પી.જી નો પુરતો પુરવઠો દરેક સ્થળે મળી રહે તે માટે તકેદારીના ભાગરૂપે કેન્દ્ર સરકારના સૂચન હેઠળ જાહેરક્ષેત્રની ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા એક જ ગ્રાહક દ્વારા બે એલ.પી.જી સિલિન્ડરના બુકીંગ વચ્ચે શહેરી વિસ્તારમાં ૨૫ દિવસનો સમયગાળો તથા ગ્રામીણ વિસ્તાર માટે ૪૫ દિવસનો સમયગાળો રાખવા નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયના લીધે લોકોમાં અનાવશ્યક તણાવ તેમજ એલ.પી.જીનો બિન જરૂરી સંગ્રહ ન કરવામાં આવે તેવો અનુરોધ છે. કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ હાલ કોર્મશિયલ સિલિન્ડરનું વેચાણ નિયંત્રિત કરવામાં આવ્યુ છે. પરંતુ હોસ્પિટલ તેમજ શૈક્ષણિક સસ્થાઓ તેમની જરૂરિયાત મુજબ એલ.પી.જી ફાળવણી ચાલુ રાખવામાં આવેલ છે. આવા સમયે ગેસ વિતરણ કરતી એજન્સી અને વિતરકોને સાથે પણ બિજ જરૂરી સંઘર્ષ ના કરવા અને તેઓને સહયોગ આપવા અપીલ છે. લોકો ગેસ એજન્સીમાં આવે ત્યારે તેઓ સાથે વિનય વિવેક સાથે માનવતાવાદી વલણ દાખવવા, ગ્રાહકો માટે પીવાના પાણી, છાયડા તથા બેઠક વ્યવસ્થા રાખવા પણ વિતરકોને સુચના અપાઇ હતી.

જીલ્લા પુરવઠા અધિકારી જૈમિન કાકડિયાએ કહયું હતું કે, તમામ ગેસ વિતરકોએ ગેસ સ્ટોકની આવક જાવકનું મેન્યુઅલ રજીસ્ટર ફરજિયાત નિભાવવાનું રહેશે. તેમજ ઓનલાઇન પણ ડેટા એન્ટ્રી પણ કરવાની રહેશે. જો તેમાં કોઇ શંકાના દાયરામાં આવશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર એસ.જે.ખાચર, ગેસ એજન્સી નોડલ ઓફિસર તથા ડિસ્ટ્રિબ્યુટર વગેરે ઉપસ્થિત રહયા હતા.

# જામનગર ખાતે 30 દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાય યોજના અંતર્ગત મોટરાઇઝડ ટ્રાઇસીકલનું વિતરણ કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓના જીવનમાં સ્વાવલંબન અને ગતિશીલતા લાવવાના ઉમદા આશય સાથે સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં કુલ 30 દિવ્યાંગ લાભાર્થીઓને મોટરાઇઝ્ડ ટ્રાયસાઇકલ મોટરચાલિત ત્રિ-ચક્રીય વાહનનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારની દિવ્યાંગ કલ્યાણ યોજનાઓ હેઠળ ૬૦% કે તેથી વધુ હલનચલનની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને આ અત્યાધુનિક સાધન સહાય વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી છે. આ મોટરાઇઝ્ડ ટ્રાયસાઇકલ મળવાથી દિવ્યાંગ વ્યક્તિઓને તેમના દૈનિક જીવનમાં અવરજવર માટે સરળતા રહેશે તેમજ તેઓ વધુ આત્મનિર્ભર બની આર્થિક સ્વાવલંબન પ્રાપ્ત કરી શકશે.આ વિતરણ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી હસમુખભાઈ રામાણી, ચીફ ઓફિસર મનોજભાઈ વ્યાસ તેમજ સંસ્થાના અધિક્ષક વિભાભાઈ મેવાડા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ઉપસ્થિત અધિકારીઓએ જણાવ્યું હતું કે, દિવ્યાંગોને મોબિલિટી સાધનો પૂરા પાડીને તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવું અને સમાજની મુખ્યધારામાં તેમની સક્રિય ભાગીદારી વધારવી એ સરકારનો મુખ્ય હેતુ છે. આવા કલ્યાણકારી કાર્યક્રમો થકી સરકાર દિવ્યાંગોના ઉત્થાન અને સશક્તિકરણ માટે સતત પ્રયત્નશીલ છે. આ સાધન સહાય મેળવીને લાભાર્થીઓએ પણ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

# જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરે ધન્વન્તરી આરોગ્ય રથને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને વધુ સશક્ત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલ ધન્વન્તરી આરોગ્ય રથ યોજના અંતર્ગત ધન્વન્તરી આરોગ્ય રથને આજે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર દ્વારા કલેક્ટર કચેરી ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.આ પ્રસંગે જિલ્લા કલેક્ટરએ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ તથા મેડીકલ સ્ટાફ પાસેથી દવાઓનો સ્ટોક, વાહનનો રૂટ વગેરે અંગે માહિતી મેળવી હતી. તેઓએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો મુખ્ય હેતુ ગ્રામ્ય અને દૂરના વિસ્તારોમાં રહેતા નાગરિકોને તેમના ગામડાં નજીક જ પ્રાથમિક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. ધન્વન્તરી આરોગ્ય રથના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા નાગરિકોને નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી, દવાઓ તથા જરૂરી માર્ગદર્શન મળી રહે તે પ્રકારે આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવા લગત અધિકારીઓ અને સ્ટાફને સૂચનો કર્યા હતા.આ રથમાં તબીબ અને આરોગ્ય કર્મચારીઓની ૫ લોકોની ટીમ સાથે જરૂરી દવાઓ, તબીબી સાધનો અને પ્રાથમિક સારવારની સુવિધા ઉપલબ્ધ છે. રથ ગામે ગામ જઈને નાગરિકોની આરોગ્ય તપાસ કરશે અને જરૂર હોય તેવા દર્દીઓને યોગ્ય સારવાર અને માર્ગદર્શન આપવામાં આવશે.ધન્વન્તરી આરોગ્ય રથ દ્વારા બ્લડ પ્રેશર, મલેરિયા ટેસ્ટ, ડાયાબિટીસ, સામાન્ય ચકાસણી, સેનેટરી પેડ્સનું વિતરણ, માતા-બાળ આરોગ્ય સંબંધિત માર્ગદર્શન તથા વિવિધ રોગો અંગે જાગૃતિ ફેલાવવાની કામગીરી પણ કરવામાં આવે છે. જામનગર જિલ્લામાં હાલ ચાર ધન્વન્તરી આરોગ્ય રથ કાર્યરત છે. જેના માધ્યમથી જામનગર શહેર અને જિલ્લામાં સોમવારથી શનિવાર સુધી શ્રમિક વસાહતોમાં વિનામૂલ્યે લોકોને આરોગ્ય સેવાઓ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે.

# રવિ માર્કેટિંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે ઘઉં નોંધણીની મુદત ૨૭ માર્ચ સુધી લંબાવાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટિંગ સિઝન ૨૦૨૬-૨૭માં રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે રૂ.૨૫૮૫ પ્રતિ ક્વિન્ટલ ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.મારફતે કરવામાં આવનાર છે. રવિ માર્કેટિંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત ઘઉંની ખરીદી માટે ખેડૂતોની નોંધણી અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ ઘઉંની નોંધણી માટેનો સમયગાળો .ખેડૂતો તરફથી નોંધણીનો સમયગાળો લંબાવવાની રજૂઆતો મળતા તેમજ વધુમાં વધુ ખેડૂતો નોંધણી કરી શકે અને લઘુત્તમ ટેકાના ભાવ MSPનો લાભ મેળવી શકે તે હેતુસર નોંધણીની મુદત વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.તે મુજબ હવે ઘઉંની નોંધણી માટેનો સમયગાળો વધુ ૧૫ દિવસ માટે લંબાવી દેવામાં આવ્યો છે. નવી મુદત મુજબ તા. ૨૭/૦૩/૨૦૨૬ સુધી ખેડૂતો નોંધણી કરાવી શકશે.જામનગર જિલ્લાના ખેડૂતોએ આ વધારેલી મુદતનો લાભ લઈ સમયસર પોતાની નોંધણી કરાવી લઘુત્તમ ટેકાના ભાવનો લાભ મેળવવા જામનગર જિલ્લા પુરવઠા અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરની ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ દ્વારા એક માસ વર્લ્ડ ઓરલ હેલ્થ મન્થની વિશેષ ઉજવણી કરાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સ્થિત ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ દ્વારા આગામી વર્લ્ડ ઓરલ હેલ્થ મન્થ ૨૦૨૬ અંતર્ગત જનતાના મૌખિક આરોગ્યની જાળવણી અને જાગૃતિ માટે અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ ઉજવણી આગામી ૨૦ માર્ચથી શરૂ થઈને ૨૦ એપ્રિલ ૨૦૨૬ સુધી એટલે કે સળંગ એક મહિના સુધી ચાલશે, જે દરમિયાન જામનગર શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મૌખિક સ્વાસ્થ્યને લગતા અનેકવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. આ અભિયાનમાં ખાસ કરીને મોઢાના કેન્સરના વહેલા નિદાન માટે કેન્સર સ્ક્રિનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી ગંભીર બીમારીઓને શરૂઆતના તબક્કે જ ઓળખી શકાય અને તેની યોગ્ય સારવાર થઈ શકે. આ ઉપરાંત, વર્તમાન સમયમાં વધતા જતા તમાકુના વ્યસનને રોકવા માટે વિશેષ કાઉન્સેલિંગ સત્રો પણ યોજાશે, જેમાં વ્યસનીઓને તમાકુ છોડવા માટે વૈજ્ઞાનિક માર્ગદર્શન અને જરૂરી પ્રેરણા પૂરી પાડવામાં આવશે.

આ આખા મહિના દરમિયાન ડેન્ટલ કોલેજના નિષ્ણાત તબીબો અને વિદ્યાર્થીઓની ટીમ દ્વારા શાળાઓ, કોલેજો અને જાહેર સ્થળોએ ઓરલ હેલ્થ અંગે જાગૃતિ ફેલાવતા વિવિધ કાર્યક્રમો રજૂ કરી સામાન્ય જનસમુદાયને મૌખિક આરોગ્યનું મહત્વ સમજાવી તેમને દાંત તથા પેઢાની બીમારીઓ પ્રત્યે સજાગ કરાશે. અસ્વસ્થ જીવનશૈલી અને તમાકુના સેવનથી થતા ગંભીર નુકસાન અંગે લોકોને વાકેફ કરી, તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા એ આ અભિયાનનું પ્રાથમિક લક્ષ્ય છે. જામનગર જિલ્લાના નાગરિકો આ નિઃશુલ્ક સેવાઓ અને માર્ગદર્શનનો વધુમાં વધુ લાભ લે તે માટે હોસ્પિટલ તંત્ર દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજકોટમાં પૂર્વ કોર્પોરેટર દ્વારા લાંચ માંગવાના મામલે કોંગ્રેસનો રામધૂન બોલાવી આશ્ચર્યજનક વિરોધ,પોલીસ દ્વારા અટકાયત કરાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ભારતીય જનતા પાર્ટીના પૂર્વ કોર્પોરેટર અનિલ મકવાણા દ્વારા ગેરકાયદે બાંધકામ અને પ્લાન કમ્પ્લીશનના નામે સામાન્ય નાગરિકો પાસેથી લાખો રૂ.ની લાંચ માંગવામાં આવતી હોવાના કથિત વિડીયો વાયરલ થતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. આ ભ્રષ્ટાચારના આક્ષેપોને લઈ રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આક્રમક રીતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના કાર્યકરોએ શહેરના સર્કિટ હાઉસ ખાતે પહોંચીને ગંગાજળ છાંટી 'શુદ્ધિકરણ'નો કાર્યક્રમ યોજ્યો હતો. તેમજ રામધૂન બોલાવી આશ્ચર્યજનક વિરોધ કરતા જ પોલીસ દ્વારા ટીંગાટોળી સાથે અટકાયત કરાઈ હતી. કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે, ભાજપના શાસકો સરકારી મિલકતો જેવી કે સર્કિટ હાઉસને પોતાનો અડ્ડો બનાવીને ત્યાં બેસીને જનતાને લૂંટવાનું કામ કરી રહ્યા છે. વાયરલ થયેલા વિડીયોમાં પણ પૂર્વ કોર્પોરેટર દ્વારા ૩ લાખ, ૪ લાખ અને તેમાંથી ૧.૫૦ લાખ રૂ. જેવી રકમની લેતીદેતીની વાતો કરવામાં આવી રહી છે. એટલું જ નહીં, સર્કિટ હાઉસના કોન્ફરન્સ રૂમ ખોલાવવા માટે દબાણ કરવામાં આવતું હોવાનો ઉલ્લેખ પણ તેમાં કરવામાં આવ્યો છે. ઘટનાને ગંભીર ગણાવતા કોંગ્રેસે માગ કરી છે કે સર્કિટ હાઉસના સીસીટીવી ફૂટેજ જાહેર કરવામાં આવે જેથી સત્ય બહાર આવી શકે.

# મોરબીમાં "કેસરબાગ" સ્માર્ટ પાર્ક પ્રોજેક્ટનું ૨૫% કામ પૂર્ણ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાના ડ્રીમ પ્રોજેક્ટ "કેસરબાગ" સ્માર્ટ પાર્કનું કામ હાલ પુરજોશમાં ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં આશરે ૨૫ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ મોરબીવાસીઓને વહીવટી સુવિધા સાથે આરામ અને સ્વાસ્થ્ય માટે આધુનિક બગીચો મળશે. મોરબી શહેરના વિકાસને નવી દિશા આપતા મોરબી મહાનગરપાલિકાના "કેસરબાગ" સ્માર્ટ પાર્ક પ્રોજેક્ટની કામગીરી યુદ્ધના ધોરણે આગળ વધી રહી છે. મહાનગરપાલિકા દ્વારા અહીં વોર્ડ ઓફિસ સાથે નાગરિકો માટે આધુનિક સુવિધાઓ ધરાવતો બગીચો તૈયાર કરવામાં આવી રહ્યો છે. પ્રોજેક્ટ અંતર્ગત કમ્પાઉન્ડ વોલ અને સુરક્ષા કેબિનનું પાયાનું કામ તેમજ સ્ટ્રક્ચરલ ફ્રેમવર્ક પૂર્ણતાની નજીક છે. ઉપરાંત સ્ટોન વોક-વે અને ડ્રેનેજ સિસ્ટમ માટે ગ્રાઉન્ડ લેવલિંગ તથા માર્કિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે. હરિયાળી વધારવા માટે ડ્રિપ ઈરિગેશન



અને સ્પ્રિંકલર સિસ્ટમની પાઈપલાઈન નાખવાની કામગીરી પણ પૂર્ણ થઈ છે. આગામી તબક્કામાં યોગા એરિયાના ફ્લોરિંગ, બાળકો માટેના પ્લે-ગાર્ડન સાધનોની ફિટિંગ, પ્રતિમા સ્થાપના, મેટલ બેન્ચીસ મૂકવાની સાથે સુશોભિત વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ મોરબીવાસીઓને એક જ સંકુલમાં વહીવટી કામગીરી, વાંચન અને માનસિક શાંતિ માટેનું આધુનિક સ્થળ ઉપલબ્ધ થશે.

# જામનગરમાં ધોરણ ૧૦ બોર્ડ પરીક્ષામાં બીજો કોપી કેસ નોંધાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. આ દરમિયાન આજે ધોરણ ૧૦ના પેપરમાં વધુ એક વિદ્યાર્થિની કોપી કરતાં ઝડપાઈ છે. આ ચાલુ પરીક્ષાનો બીજો કોપી કેસ નોંધાયો છે.આ ઘટના જામનગરની પી.વી. મોદી હાઈસ્કૂલના પરીક્ષા કેન્દ્રના બ્લોક નંબર ૧૭૭માં બની હતી. ધોરણ ૧૦ની ગુજરાતી (દ્વિતીય ભાષા) કોડ નંબર ૧૩ની પરીક્ષા ચાલી રહી હતી. એક વિદ્યાર્થિની પોતાના રૂમાલમાં કાપલી સંતાડીને પરીક્ષા આપી રહી હતી.પરીક્ષા ખંડના સુપરવાઈઝર દ્વારા આ વિદ્યાર્થિનીને કાપલી સાથે ઝડપી પાડવામાં આવી હતી. તેની સામે કોપી કેસ નોંધવામાં આવ્યો છે. આ




અંગે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને લેખિતમાં જાણ કરવામાં આવી છે. જોકે, વિદ્યાર્થિનીને અન્ય પરીક્ષાઓ આપવા દેવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, જામનગર જિલ્લામાં બોર્ડની પરીક્ષા દરમિયાન આ બીજો કોપી કેસ છે. આ પહેલા લાલપુરના એક પરીક્ષા કેન્દ્રમાંથી પણ એક વિદ્યાર્થિની ચોરી કરતાં પકડાઈ હતી.

# મોરબીમાં કામધેનુ બાયપાસ રોડ ઉપર ૬૦૮ આવાસોના અધૂરા કામ ફરી શરૂ કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા કામધેનું બાયપાસ રોડ પાસે આવેલ IHSDP યોજના હેઠળ નિર્મિત ૬૦૮ આવાસોના અધૂરા કામ પૂર્ણ કરવા માટે કામગીરી ફરી શરૂ કરવામાં આવી છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરીને નવી એજન્સીની નિમણૂક કરાતા બાકી રહેલા કામ ઝડપથી પૂર્ણ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા કામધેનું બાયપાસ રોડ પાસે દલવાડી સર્કલ નજીક વજેપર વિસ્તારમાં સર્વે નં. ૧૪૧૫/૩ ની જમીન પર મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ ૬૦૮ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ માટે તા. ૨૨ માર્ચ ૨૦૨૧ના રોજ કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો દ્વારા ૬૦૮ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. પ્રોજેક્ટનું મુખ્ય બાંધકામ વર્ષ ૨૦૨૧માં પૂર્ણ થઈ ગયું હતું, પરંતુ બારી-બારણાં ફિટિંગ, કલર કામ, ઈલેક્ટ્રિક કામ, ડ્રેનેજ કનેક્શન, પ્લમ્બિંગ, કંપાઉન્ડ વોલ, મેઈન ગેટ, ગાર્ડન, સ્ટ્રીટ લાઇટ સહિતની કેટલીક કામગીરી બાકી રહી હતી.

આ બાકી રહેલા કામ પૂર્ણ કરવા માટે મહાનગરપાલિકાએ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરીને નવી



એજન્સીની નિયુક્તિ કરી છે. હાલ એજન્સી દ્વારા પ્રોજેક્ટના અધૂરા કામ પૂર્ણ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ કામ પૂર્ણ થતાં IHSDP યોજના હેઠળ પસંદ થયેલા ૬૦૮ લાભાર્થીઓને આવાસ ફાળવણી કરવામાં આવશે અને તેઓને પોતાના ઘરનું સપનું સાકાર થશે.

# મોરબીના લીલાલર ગામ નજીક દુકાનમાંથી ૨.૬૦૬ કિલો ગાંજાના જથ્થા સાથે એક પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના લીલાપરથી નવાગામ જવાના રસ્તે આવેલ નાસ્તાની પતરાવાળી દુકાનમાંથી એસ.ઓ.જી. ટીમે વનસ્પતિ જન્ય માદક પદાર્થ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ૨ કિલો ૬૦૬ ગ્રામ ગાંજા સાથે એક ઉત્તર પ્રદેશના વતનીને ઝડપી લઈને કુલ રૂ.૧.૧૬ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. મોરબી એસ.ઓ.જી. ટીમનેને બાતમી મળી હતી કે લીલાપરથી નવાગામ જવાના રસ્તે એડવાસેરા સેનેટરીવેર કારખાના સામે આવેલી પતરાવાળી નાસ્તાની દુકાનમાં



ઉદયભાઈ રામખેલાવન વર્મા (મૂળ ઉત્તરપ્રદેશ) વાળો ગેરકાયદેસર રીતે વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો રાખી ગુપ્ત રીતે ગ્રાહકોને વેચાણ કરતો હતો. જેથી મળેલ બાતમીના આધારે એસ.ઓ.જી. ટીમે સ્થળ પર દરોડો પાડી તપાસ હાથ ધરતા આરોપી પાસેથી કુલ ૨ કિલો ૬૦૬ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો.

આ સાથે પોલીસે આરોપી પાસેથી ગાંજાનો જથ્થો, રોકડ રકમ, વજન કાંટો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૧,૧૬,૮૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. હાલ એસઓજી પોલીસે આરોપી વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં એન.ડી.પી.એસ. એક્ટની કલમ મુજબ ગુનો નોંધાવી આગળની તપાસ શરૂ કરી છે.

# મોરબીમાં ગોલ્ડ લોનના બહાને ૭.૫૦ લાખના સોનાના દાગીના હડપ કરનાર બે વિરુદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ગોલ્ડ લોન કરાવી આપવાના બહાને સાડા છ તોલા સોનાના દાગીના લઈ બે વ્યક્તિઓએ વિશ્વાસઘાત કરી બારોબાર વેચી નાખ્યાની ફરિયાદ નોંધાઈ છે. પીડિતે પોતાના કોન્ટ્રાક્ટમાં કામ કરતા કર્મચારી ઉપર વિશ્વાસ રાખીને દાગીના ઉપર લોન કરવા આપ્યા હતા. હાલ તાલુકા પોલીસે આ મામલે બે આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ઓમ પાર્ક સોસાયટી લક્ષ્મીનગર ગામ તા.મોરબી ખાતે રહેતા કેતનભાઈ ભીમજીભાઈ વાઘેલા ઉવ.૩૭એ મોરબી તાલુકા પોલીસ મથકમાં આરોપી કીર્તિકુમાર કનુભાઈ વરાણીયા રહે. નવી પીપળી શીવપાર્ક સોસાયટી તથા આરોપી પ્રમીલકુમાર ચતુર્વેદી રહે. હાલ ૨૦૧ સ્વસ્તિક સીટી પૂજા ફાર્મની બાજુમાં અસલાલી અમદાવાદ મૂળ રહે. ઉત્તરપ્રદેશ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, કેતનભાઈ પેલેટ પેકિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. અને તેમની ઓફીસ લાલપર ગામે પાવનસુત પ્લાઝા ચોથા માળે આવેલ છે, આજથી એક વર્ષ પહેલા કેતનભાઈને તેમના પિતાની સારવાર માટે રૂપિયાની જરૂરી હોવાથી ગોલ્ડ ઉપર લોન લેવા ઈચ્છતા હતા. પરંતુ તેમના નામે લોન થઈ શકે એમ ન હોવાથી કેતનભાઈને ત્યાં કામ કરતા આરોપી કીર્તીકુમાર કનુભાઈ વરાણીયાએ પોતાના નામે ગોલ્ડ લોન કરાવી આપવાની ખાતરી આપતા કેતનભાઈએ મંગળસૂત્ર, ચેન-હાર, કાનના દાગીના અને વીંટી સહિત આશરે સાડા છ તોલા સોનાના દાગીના કિ.રૂ.૭,૫૦,૦૦૦/-તેને આપ્યા હતા. બાદમાં આરોપી કીર્તિકુમારે આઇસીઆઇસીઆઇ બેંકમાં દાગીના મુકીને રૂ.૩.૦૨ લાખની ગોલ્ડ લોન કરાવી રકમ ફરિયાદી કેતનભાઈને આપી હતી.

જે બાદમાં કેતનભાઈને તેમના સાળાના લગ્ન આવતા હોય જેથી દાગીના પરત માંગતા ઉપરોક્ત બંને આરોપીઓએ દાગીના છોડાવી, ફરિયાદીની જાણ બહાર વેચી નાખ્યા હોવાનું સામે આવ્યું હતું. હાલ તાલુકા પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરમાં હોલમાર્કવાળા સાચા સોનાના દાગીના બતાવી ખોટા ઘરેણા આપી પાંચ લાખની ઠગાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરમાં સોનાના સાચા હોલમાર્ક ઘરેણા બતાવી પાંચ લાખમાં વેચવાનો સોદો કરી ખોટા ઘરેણા આપીને પૈસા લઈ જતાં એક વ્યક્તિ અને સાથેના બે અજાણ્યા શખ્સો સામે ઠગાઈનો ગુનો નોંધાયો છે. આ મામલે વાંકાનેર તાલુકા પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ વાંકાનેર ખાતે દેલવાડિયા સાહેબના દવાખાના સામે રહેતા અને સતિશભાઈ હરસુખલાલ ચારોલીયા ઉવ.૨૫ તથા તેમની માતાને સોનાના સાચા હોલમાર્ક ઘરેણા બતાવી વેચાણ કરવાનો સોદો કરી ઠગાઇ કરવાના બનાવ અંગે નોંધાવેલી ફરિયાદમાં આરોપી રામકુંભાઈ માથાસુરિયા રહે.અમરેલી તા.જી.અમરેલી તથા તેની સાથેના બે અજાણ્યા ઈસમોએ તા.૨૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વાંકાનેર બાઉન્ડ્રી નજીક ખોડિયાર ચાની હોટેલ સામે આરોપી રામકુભાઈ માથાસુરીયા તથા બે અજાણ્યા શખ્સોએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ ૮ લાખના સોનાના દાગીનાનું બિલ તેમજ હોલમાર્કવાળા ઘરેણાં બતાવી પાંચ લાખ રૂપિયામાં સોનાના ઘરેણા આપવાની વાત કરી હતી. ત્યારબાદ આરોપીઓએ સાચા ઘરેણાની જગ્યાએ ખોટા બનાવટી ઘરેણા આપી રોકડ રૂપિયા પાંચ લાખ લઈ ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે આરોપી રામકુભાઈ માથાસુરીયા તથા બે અજાણ્યા શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા કલમ ૩૧૬(૨), ૩૧૮(૪) અને ૫૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હળવદના સરંભડા ગામે માતાના ઠપકાનું લાગી આવતા પુત્રએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના સરંભડા ગામની સીમમાં ખેત મજૂરી કરતા પુત્રને માતાએ મોબાઇલમાં રિલ્સ જોવા અંગે ઠપકો આપતા, જેનું મનોમન લાગી આવતા યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે હળવદ પોલીસે અ.મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હળવદ તાલુકાના સરંભડા ગામની સીમમાં કેશવલાલ ગણેશભાઈ પટેલની વાડીમાં મજૂરી કામ કરતા રવિભાઈ શંકરભાઈ નાયક ઉવ.૨૫ મૂળ રહે.અકલવા તા.કઠીવાડા જી. અલીરાજપુર મધ્યપ્રદેશ વાળાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જે બાબતે હળવદ પોલીસની તપાસમાં મૃતકના ભાઈ માન્યાભાઈ શંકરભાઇ નાયક પાસેથી મળેલ પ્રથમીમ વિગતો મુજબ, મૃતક રવિભાઈ મોબાઇલમાં રિલ્સ વધુ જોતાં અને મજૂરીનું કામ યોગ્ય રીતે ન કરતો હોવાથી તેમની માતાએ ઠપકો આપ્યો હતો. આ બાબતનું મનોમન લાગી જતા રવિભાઈએ વાડીની ઓરડીમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. હાલ પોલીસે અ. મોતની નોંધ કરી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# રાજકોટ ડિવિઝનના હાપા યાર્ડમાં ૩૫.૪૧ કરોડના ખર્ચે અત્યાધુનિક સંયુક્ત વેગન શેડ તૈયાર

## નવી સુવિધાથી દરરોજ ૫૬ વેગનની મરામત ક્ષમતા વધશે, માલસામાનનું પરિવહન વધુ ઝડપી બનશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન અંતર્ગત હાપા યાર્ડમાં ૩૫.૪૧ કરોડના ખર્ચે માલગાડીના વેગનની જાળવણી માટે અત્યાધુનિક સંયુક્ત વેગન શેડનું નિર્માણ ગતિ શક્તિ યુનિટ, રાજકોટ દ્વારા વિક્રમી સમયમાં કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ મુખ્ય વહીવટી અધિકારી (રોડ સેફ્ટી, ચર્ચગેટ) અમિત મનુવાલના માર્ગદર્શન અને રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાના દિશાનિર્દેશ હેઠળ મુખ્ય પ્રોજેક્ટ મેનેજર (ગતિ શક્તિ, રાજકોટ) સુધીર દુબે અને તેમની ટીમ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો છે.

વર્તમાનમાં માત્ર દોઢ વર્ષના વિક્રમી સમયમાં આ પ્રોજેક્ટનું લગભગ ૯૫ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને બાકીનું કામ પણ ટૂંક સમયમાં પૂરું કરી લેવામાં આવશે.

આ નવી સુવિધા શરૂ થવાથી BTPN, BCN, BTPLN સહિત વિવિધ પ્રકારના માલવાહક વેગનનું નિરીક્ષણ, મરામત અને જાળવણીનું કામ હવે વધુ ઝડપી, સુરક્ષિત અને વ્યવસ્થિત રીતે થઈ શકશે.

**આધુનિક સુવિધાઓથી સજ્જ નવો વેગન શેડ :** નવા વેગન શેડનું કદ ૧૭૨ મીટર × ૨૫ મીટર છે અને તેની મહત્તમ ઊંચાઈ ૧૬.૫ મીટર છે. તેમાં ટ્રસ વગરની સ્વ-સમર્થિત હળવા વજનની પ્રોફલેક્સ રૂફ શીટ લગાવવામાં આવી છે. શેડની અંદર વેગનની જાળવણી માટે ત્રણ રેલવે ટ્રેક ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે અને ભારે સાધનોના ઉપયોગ દરમિયાન ફ્લોરિંગને સુરક્ષિત રાખવા માટે હાર્ડોનાઈટ ફ્લોરિંગ કરવામાં આવ્યું છે.

વેગનના ઉપરના ભાગના નિરીક્ષણ માટે લાઈન નંબર ૦૧ અને ૦૩ ની સાથે ઈન્સ્પેક્શન ગેન્ટ્રી અને દર ૧૭ મીટરના અંતરે ઈન્સ્પેક્શન પ્લેટફોર્મ બનાવવામાં આવ્યા છે, જેનાથી કર્મચારીઓ વેગન પર સુરક્ષિત રીતે પહોંચી શકશે. નવા શેડને રાજકોટ દિશા તરફથી લાઈન નંબર ૨૨ દ્વારા જોડવામાં આવ્યો છે, જ્યારે એસી લોકો ટ્રિપ શેડને લાઈન નંબર ૨૪ થી અલગ ઈલેક્ટ્રિફાઈડ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવી છે.

**વહીવટી ભવન અને અન્ય સુવિધાઓ પણ વિકસાવાઈ :** આ પ્રોજેક્ટ હેઠળ ૭૮ મીટર × ૯ મીટરનું આધુનિક વહીવટી ભવન પણ બનાવવામાં આવ્યું છે, જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૦ રૂમ અને પ્રથમ માળે ૧૨ રૂમ બનાવવામાં આવ્યા છે. તેમાં મહિલા કર્મચારીઓ માટે અલગ મહિલા વિશ્રામ ખંડની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત પરિસરમાં અલગ પાર્કિંગ એરિયા, સર્વિસ રોડ (સીસી રોડ) અને પાણી પુરવઠા માટે અંડરગ્રાઉન્ડ વોટર ટેન્કનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે, જેને હાલની ઓવરહેડ ટેન્ક સાથે જોડીને વેગન શેડ અને વહીવટી ભવનમાં પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે.

**માલવાહક વેગનની મરામત ક્ષમતામાં મોટો વધારો થશે :** નવી સુવિધા શરૂ થવાથી માલવાહક વેગનની મરામત ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે. જ્યાં પહેલા દરરોજ અંદાજે ૧૨ વેગનની મરામત શક્ય હતી, હવે તે ક્ષમતા વધીને દરરોજ ૫૬ વેગન થઈ જશે. આ સાથે જ (રૂટિન ઓવરહોલિંગ) આઉટટર્ન દર મહિને ૭૦ વેગનથી વધીને ૧૨૫ થી વધુ વેગન થવાની સંભાવના છે.

આ વ્યવસ્થાથી બીમાર વેગનને હવે લગભગ ૩ દિવસમાં ફિટ કરી શકાશે, જ્યારે પહેલા આમાં સરેરાશ ૧૦ દિવસ જેટલો સમય લાગતો હતો. આનાથી યાર્ડમાં ભીડ ઘટશે અને માલ લોડિંગ માટે વેગનની ઉપલબ્ધતા ઝડપથી વધશે. સાથે જ અનેક ટેકનિકલ પરીક્ષણો અને ઓવરહોલિંગના કાર્યો હવે સ્થાનિક સ્તરે જ શક્ય બનશે, જેનાથી સમય અને ખર્ચ બંનેની બચત થશે.

**રેલ સંચાલન અને માલ પરિવહનને મોટો લાભ મળશે :** રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ નવી સુવિધાથી હાપા યાર્ડમાં વેગનની મરામત અને જાળવણીનું કામ પહેલાની સરખામણીમાં ઘણું ઝડપી અને વધુ સારું બનશે. આનાથી વેગન જલ્દી ફિટ થઈને માલ પરિવહન માટે ઉપલબ્ધ થશે, યાર્ડમાં ભીડ ઘટશે અને ટ્રેનોનું સંચાલન વધુ સરળ રહેશે. પરિણામે ઉદ્યોગો અને વેપારીઓને માલસામાનના પરિવહનમાં વધુ સુવિધા મળશે અને રેલવેની માલ પરિવહન ક્ષમતા તેમજ આવકમાં પણ વધારો થશે.

# યુનિવર્સિટી રોડ પર રેસ્ટોરન્ટ-ફરસાણની દુકાનોમાં ઘરેલુ સિલિન્ડરના વપરાશ બાબતે સઘન ચેકિંગ હાથ ધરાયું : સિલિન્ડર સીઝ કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા પુરવઠા અધિકારી આશિષભાઈ ઝાપડાના માર્ગદર્શન હેઠળ મામલતદાર, શહેર (પશ્ચિમ) અને પુરવઠા નિરીક્ષકની ટીમ દ્વારા જે. કે. ચોક અને યુનિવર્સિટી રોડ ખાતે આવેલી હોટલો, રેસ્ટોરન્ટ, ટી સ્ટોલ, ફરસાણની દુકાન, નાસ્તા હાઉસ તથા ફાસ્ટ ફુડ સ્ટોર પર ઘરેલુ સિલિન્ડરના વપરાશ બાબતે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.



આ દરમિયાન જે. કે. ચોક નજીક આવેલા 'કૈલાશ ફરસાણ'માં ઘરેલુ સિલિન્ડરનો કોમર્શિયલ હેતુ માટે ઉપયોગ થતો હોવાથી ઈન્ડેન કંપનીના ત્રણ ગેસ સિલિન્ડર તેમજ 'શ્રી હરિ ફાસ્ટ ફુડ'માંથી ઈન્ડેન કંપનીનો એક ગેસ સિલિન્ડર એમ કુલ ચાર સિલિન્ડર સીઝ કરી, તેને જપ્ત કરીને ગેસ એજન્સી ખાતે જમા કરાવવામાં આવ્યા હતા. ઉપરાંત, તમામ ખાદ્ય પદાર્થોની દુકાન અને રેસ્ટોરન્ટના સંચાલકોને નિયમો અનુસાર કામગીરી કરવા અંગે સમજ આપવામાં આવી હતી, તેમ જિલ્લા પુરવઠા કચેરીની યાદીમાં જણાવાયું છે.

# માધવપુરનો મેળો લોકપ્રિય બનતા વેપારીઓને રોજગારીની ઉત્તમ તક

## માધવપુર મેળા ગ્રાઉન્ડ ખાતે મનોરંજન અને ચકડોળ વિભાગના પ્લોટની જાહેર હરરાજી તા.૧૬ માર્ચે યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોરબંદર જિલ્લાના માધવપુર(ઘેડ) ખાતે પરંપરાગત રીતે ઉજવાતા શ્રી રૂક્ષ્મણીજી-માધવપ્રભુના વિવાહ પ્રસંગે યોજાતો માધવપુર લોકમેળો-૨૦૨૬ કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ તેમજ રમત-ગમત અને સાંસ્કૃતિક વિભાગના સહયોગથી યોજાવાનો છે.

માધવપુરનો મેળો હવે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લોકપ્રિય બનતા ગુજરાતભરના વેપારીઓ માટે વેપાર અને રોજગારીની ઉત્તમ તક ઊભી થઈ છે. આ મેળામાં મનોરંજન અને ચકડોળ વિભાગ માટેના પ્લોટની જાહેર હરરાજી તા. ૧૬/૦૩/૨૦૨૬ (સોમવાર)ના રોજ બપોરે ૧૨ કલાકે નવી ગ્રામ પંચાયત, મેળા ગ્રાઉન્ડ, માધવપુર ખાતે યોજાશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગુજરાતભરના વેપારીઓને આ હરરાજીમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે.

મનોરંજન અને ચકડોળ વિભાગની સાઈઝ અને અપસેટ પ્રાઈઝ સહિતની વધુ માહિતી માટે તાલુકા વિકાસ અધિકારી, પોરબંદર (મો. નં. ૯૯૭૯૩૬૩૨૨૫) અથવા તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત કચેરી, માધવપુર (મો. નં. ૯૫૩૭૮૭૧૫૭૧ / ૯૯૭૮૬૭૬૪૬૫) પર સંપર્ક કરવા જણાવાયું છે. અને મનોરંજન અને ચકડોળ વિભાગના પ્લોટની જાહેર હરરાજીની કાર્યવાહી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ બાબતે અંતિમ નિર્ણય સમિતિનો રહેશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના અધ્યક્ષ કમલ મહેતાના પ્રમોશન મેળવવા માટેના કૌભાંડનો પર્દાફાશ કરતા ડો. નીદત બારોટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના અધ્યક્ષ કમલ મેહતા દ્વારા જૂની તારીખમાં સંશોધન પત્રો પ્રસિદ્ધ કરવામાં આવ્યા હોવાની ફરિયાદ ડૉ. નિદત્ત બારોટે અગાઉ રજૂ કરી હતી.

આ ફરિયાદ સામે કમલ મેહતાએ જાહેર નિવેદન આપીને જણાવ્યું હતું કે નિદત્ત બારોટની ફરિયાદ ખોટી છે અને મારી સામે માત્ર આક્ષેપો કરવામાં આવ્યા છે. તેમણે આ ફરિયાદને પ્રસિદ્ધિ મેળવવા માટે કરવામાં આવી હોવાનું પણ કહ્યું હતું. જાહેર નિવેદનમાં પ્રેસ અને મીડિયાની સમક્ષ ખોટી માહિતી આપીને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ થયો હતો. સાથે જ પોતાની ભૂલને ઢાંકવા માટે ફ્યુરિસ્ટીક એપ્રોચ જેવા શબ્દોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર ઘટનાને હવે લગભગ એક મહિનો પૂર્ણ થયો છે. પરંતુ ઊભા થયેલા ''હંગામા''ના પરિણામે કેટલીક મહત્વપૂર્ણ ''સુરત'' બદલાઈ છે.

સૌપ્રથમ, જર્નલ પર જૂની તારીખમાં પ્રસિદ્ધ થયેલા કથિત સંશોધન પત્રો દૂર કરવામાં આવ્યા છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે જો કમલ મેહતા સાચા હતા, તો જર્નલ પરથી તે સંશોધન પત્રો દૂર કેમ કરવામાં આવ્યા? આથી સ્પષ્ટ થાય છે કે



''જર્નલ''ની ''સુરત'' બદલાઈ છે.

બીજું, જર્નલના તમામ એડિટરોને હટાવી દેવામાં આવ્યા છે અને હવે નવું એડિટોરિયલ બોર્ડ રચવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ અંગેની માહિતી જર્નલની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. આથી ''એડિટરો''ની ''સુરત'' પણ બદલાઈ છે.

ત્રીજું, યુનિવર્સિટીના સત્તામંડળોમાં રહેવા માટે ચોક્કસ સંશોધન પત્રો હોવા જરૂરી છે. કમલ મેહતાએ આપેલા સંશોધન પત્રો જર્નલમાંથી દૂર થતાં હવે તેઓ પાસે જરૂરી સંશોધન પત્રો રહેતા નથી. પરિણામે તેઓ સત્તામંડળમાંથી દૂર થયા છે. આથી ''બોર્ડ ઓફ સ્ટડીઝ'', ''એકેડેમિક કાઉન્સિલ'' અને સર્વોચ્ચ ''એક્ઝિક્યુટિવ કાઉન્સિલ''ની ''સુરત'' પણ બદલાઈ છે.

ડો. નીદત બારોટે જણાવ્યુ હતુ કે ''મારી એવી કોઈ ઇચ્છા નહોતી કે કોઈ અધ્યાપકને જામીન માટે વકીલ અને કોર્ટના ધક્કા ખાવા પડે. આ કારણસર અત્યાર સુધી મેં ''સાઈબર ક્રાઇમ''માં કોઈ ફરિયાદ નોંધાવી નહોતી. જોકે પાછલી તારીખમાં સંશોધન પત્રો પ્રસિદ્ધ કરાવવું અને તેના આધારે સત્તામંડળમાં સ્થાન મેળવવાનો અથવા પ્રમોશન માટે પ્રયાસ કરવાનો મુદ્દો એ અત્યંત ગંભીર ફોજદારી ગુન્હો ગણાય.પરંતુ

મને વિશ્વાસ હતો કે અંતે ''દૂધનું દૂધ અને પાણીનું પાણી'' થઈ જશે, અને એવું જ થયું છે. પાછલી તારીખમાં પ્રસિદ્ધ થયેલા કથિત સંશોધન પત્રો હવે જર્નલમાંથી દૂર કરવામાં આવ્યા છે. આથી સ્પષ્ટ થાય છે કે મારી રજૂઆત ખોટી ફરિયાદ, આક્ષેપ અથવા પ્રસિદ્ધિ મેળવવાનો પ્રયાસ નહોતી, પરંતુ સાચી, હકીકતલક્ષી અને વ્યવસ્થાની ''સુરત'' બદલવા માટે કરવામાં આવી હતી. સિદ્ધાંતો, નૈતિકતા અને સત્યની વાતો કરનાર કમલ મેહતાનો અસલી ચહેરો હવે સામે આવ્યો છે.

ડો. નીદત બારોટે જણાવ્યુ હતું કે ''સત્યમેવ જયતે''. હંગામો ઊભો કરવો હેતુ નહોતો; વ્યવસ્થાની ''સુરત'' બદલવી જરૂરી હતી અને એમાં આવડા મોટા કૌંભાંડનો પર્દાફાશ થયો છે.

# ટંકારાના વિરપર નજીક અજાણ્યા વાહનની ઠોકરે યુવકનું સ્થળ ઉપર મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના વિરપર ગામ નજીક બા ની વાડી સામે હિટ એન્ડ રનમાં અજાણ્યા વાહનની હડફેટે મૂળ એમપીના વતની એવા સિક્યુરિટી ગાર્ડની નોકરી કરતા યુવકનું સ્થળ ઉપર જ કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી અજાણ્યા વાહનનો ચાલક પોતાનું વાહન લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો.

મળતી વિગત અનુસાર, મધ્યપ્રદેશના શાજાપુર જીલ્લાના પોલાયકલા તાલુકાના મોરતાકેવડી ગામના વતની અને મોરબીમાં ઓમ સિક્યુરિટીમાં નોકરી કરતા ઘનશ્યામભાઇ નંદરામ ઉર્ફે નાનાદરામ વિશ્વકર્મા ગઈકાલ તા.૧૩/૦૩ના રોજ વહેલી સવારે ટંકારાના વિરપર ગામ નજીક બા ની વાડી સામે રોડની સાઈડમાં ઉભા હતા, ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેદરકારી તથા ગફલતભરી રીતે ચકાવી ઘનશ્યામભાઈને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. જે અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો. ત્યારે અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત ઘનશ્યામભાઈને ટંકારા સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં ફરજ ઉપરના ડોક્ટરે જોઈ તપાસી તેઓને મરણ જાહેર કર્યા હતા. હાલ અકસ્માતમાં મૃત્યુના બનાવ મામલે મૃતકના ભાઈ સંતોષ નંદરામ ઉર્ફે નાનાદરામ વિશ્વકર્માની ફરિયાદને આધારે ટંકારા પોલીસે અજાણ્યા વાહનના ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# ઈવનિંગ પોસ્ટના સીનીયર સીટીઝન માટે તા.૧૬ થી ૨૨ સુધી સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૧૬/૩/૨૬ ને સોમવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''કે. કે. ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૭/૩/૨૬ ને મંગળવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સકતી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૮/૩/૨૬ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''નીતા ફેન કલબ '' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૯/૩/૨૬ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''રિવશે શૂર ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૦/૩/૨૬ ને શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''રીધમ એન્ડ સાઉન્ડ મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૧/૩/૨૬ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''ગાર્ડન રિધમ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૨/૩/૨૬ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સૂર સાધના ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, કૃષ્ણકાંતભાઈ ઉપાધ્યાય, જયપાલસિંહ ઝાલા, નીતાબેન રાઠોડ, સુમનબેન બારીયા, જ્યોતીબેન શાહ, પ્રવિણસિંહ જાડેજા તેમજ એચ. પી. પટેલ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# મોરબીમાં મહિલા સફાઈ કામદારને કારે અડફેટે લેતા ગંભીર ઈજા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રાજપર ચોકડી પાસે સફાઈ કામ કરતી મહિલા કર્મચારીને કારચાલકે પૂરઝડપે ગાડી હંકારી ઠોકરે ચડાવ્યા હતા. અકસ્માતમાં મહિલાને શરીરે ઈજાઓ ઉપરાંત કમરના મણકામાં ફ્રેક્ચર અને આંતરિક ઈજા પહોંચી હતી. બનાવ અંગે ઈજાગ્રસ્ત મહિલા સફાઈ કર્મચારીએ આરોપી કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

મોરબી મહાનગરપાલિકામાં સફાઈ કર્મચારી તરીકે કામ કરતા સંગીતાબેન કાનજીભાઈ ઝાલા ઉવ.૩૮ રાજપર ચોકડીથી ઘુનડા રોડ તરફ સાફસફાઈનું કામ કરી રહ્યા હતા ત્યારે અકસ્માતના બનાવમાં તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં તા.૧૨ માર્ચની સવારે આશરે સાડા આઠ વાગ્યા આસપાસ તેઓ તથા અન્ય મહિલા કર્મચારીઓ રસ્તા પર સફાઈ કરી રહ્યા હતા ત્યારે મોરબી તરફથી ઘુનડા રોડ તરફ જતી એક અલ્ટો કાર રજી.નં. જીજે-૩૬-એફ-૯૬૫૫ના ચાલક દિલીપભાઈએ પોતાની કાર પૂરઝડપે ચલાવી આવી અને સંગીતાબેનને અડફેટે લીધા હતા.

અકસ્માતમાં કારનું આગળ અને પાછળનું ટાયર તેમના શરીર પર ફરી જતા તેમને ગંભીર ઈજા પહોંચી હતી. ત્યારબાદ તેમને સારવાર માટે મોરબીની ક્રિષ્ના હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરે તપાસ કરતાં તેમને શરીરે છોલછાલની ઈજા, કમરના મણકામાં ફ્રેક્ચર તથા મૂત્રાશયના અંદરના ભાગે ઈજા હોવાનું જણાવ્યું હતું. હાલ તેમની સારવાર ચાલી રહી છે. હાલ સીટી એ ડિવિઝન પોલીસે આરોપી અલ્ટો કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં જમીનના સોદાના બહાને ૭૫.૭૫ લાખની ઠગાઈ

## જમીન દલાલો અને વકીલ સહિત પાંચ સામે ફરિયાદ દાખલ, દસ્તાવેજ ન કરી આપતા ભોગ બનનારે પોલીસનો આશરો લીધો




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વાવડી ગામે રહેતા ટ્રાન્સપોર્ટર અને ખેડૂત પાસેથી જમીન વેચાણના બહાને ૭૫.૭૫ લાખ રૂપિયા લઈ દસ્તાવેજ ન કરી આપતાં વકીલ સહિત પાંચ વ્યક્તિઓ સામે ઠગાઈ અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવવામાં આવી છે. પાંચેય આરોપીઓએ મળીને કાવતરું રચી જમીનનો સોદો કર્યા બાદ ખૂટતા દસ્તાવેજી કાગળો, જમીન ઉપરનો બોજો, વારસાઈ નોંધ જેવા અલગ અલગ ખર્ચ અને બાદ ફાઈનલ જમીનની કિંમતના તમામ રૂપિયા ચૂકવી આપ્યા છતાં દસ્તાવેજ ન કરી આપી છેતરપીંડી વિશ્વઘાત કર્યો હતો.

મોરબી તાલુકા પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ નાની વાવડી ખાતે રહેતા અને ટ્રાન્સપોર્ટ તથા ખેતી વ્યવસાય કરતા મનીષભાઈ કેશવજીભાઈ મોરડીયા ઉવ.૩૭એ આરોપી અશોકભાઈ સવજીભાઈ મેરજા રહે.બગથળા, સંદીપભાઈ માવજીભાઈ મેરજા રહે. મહેન્દ્રનગર, વકીલ અકીભાઈ શાહ, કેતનભાઈ લાલજીભાઈ સંઘાણી રહે. ઘુંટુ ગામ અને જમીન માલીક રાજેશભાઈ દેશાભાઈ ચૌહાણ રહે. મણેકવાડા ગામ એમ પાંચેય આરોપીઓ વિરુદ્ધ જમીનના સોદામાં ઠગાઈ થવા અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ બગથળા ગામના આરોપી અશોકભાઈ સવજીભાઈ મેરજાએ દલાલી કરી માણેકવાડા ગામની સર્વે નંબર ૨૧૬ની આશરે ૧૦ વિઘા જમીન વેચાણમાં હોવાની માહિતી આપી હતી. ત્યારબાદ સંદીપભાઈ માવજીભાઈ મેરજા, કેતનભાઈ લાલજીભાઈ સંઘાણી, વકીલ અકીભાઈ શાહ અને જમીન માલિક રાજેશભાઈ દેશાભાઈ ચૌહાણે સાથે મળી જમીનનો સોદો રૂ. ૭૬ લાખમાં નક્કી કરવામાં આવ્યો હતો.

જેમાંથી ફરિયાદીએ ટોકન સહિત અલગ અલગ તબક્કામાં કુલ રૂ.૭૫,૭૫,૦૦૦/- જેટલી રકમ રોકડ તેમજ બેંક ટ્રાન્ઝેક્શન દ્વારા ચૂકવી હતી. ત્યારે દસ્તાવેજ થઈ ગયો છે તેમ કહી બાકીના તમામ રૂપિયા ફરિયાદી પાસેથી આરોપી વકીલે પોતાની રૂબરૂ અપાવી દીધા હતા. જ્યારે દસ્તાવેજ આપવાનું કહેતા, વકીલે કહ્યું કે દસ્તાવેજ અન્ય દલાલ આરોપી સંદીપભાઈ લઈ ગયાનું ખોટું બહાનું આપ્યું હતું. અંતે આરોપી દલાલ અશોકભાઈએ કબુલાત આપી કે, જમીનનો દસ્તાવેજ કરવામાં જ નથી આવ્યો. જે બાદ ફરિયાદી દ્વારા તપાસ કરતા તમામ આરોપીઓએ મળીને કાવતરું રચી તેમની પાસેથી રકમ પડાવી લીધી હોવાનું સામે આવ્યું હતું. હાલ ભોગ બનનાર મનીષભાઈની ફરિયાદને આધારે મોરબી તાલુકા પોલીસે પાંચેય આરોપીઓ સામે વિશ્વાસઘાત તથા છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રંગમતી નદીની સ્વચ્છતા જાળવી રાખવા ડીએલએસએ સાથે હોમગાર્ડઝ અને જેએમસીનું સંયુકત આહવાન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ના ઉપક્રમે અને હોમગાર્ડઝ તથા જેએમસી ના સંયુક્ત ઉપક્રમે જામનગર જિલ્લાના લોકો માટે રંગમતી નદીની સ્વચ્છતા જાળવી રાખવા માટે એક રેલી અને સંદેશા વિતરણનો કાર્યક્રમ આદર્શ સ્મશાન પાસેથી શરુઆત કરીને સિધ્ધનાથ મંદિર સુધી આયોજિત કરવામાં આવ્યો.!જેમાં ખાસ કરીને જામનગર ની રંગમતી નદીને ગંદી થતાં બચાવવા નું આહ્વાન ડીએલએસએ ના સચિવ અનીકેત શુક્લા અને જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા દ્વારા લોકોને આપવામાં આવ્યું.!જામનગર ની રંગમતી નદી જામનગરની શાન ગણવામાં આવતી




હતી.! સમયાંતરે આ નદીનું ભાવી અંધકારમય ના થાય તે માટેનો એક પ્રયત્ન જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા કરવામાં આવી રહ્યો છે.!જે ભગીરથ કાર્ય માં હોમગાર્ડઝ સંસ્થા અને જેએમસી પણ સહભાગી થયા છે.!આ કાર્યક્રમમાં જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના સચિવ અનીકેત શુક્લા સાહેબ તથા જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા જેએમસી ના સફાઈ વોરિયર્સ ના અધિકારીઓ સાથે ડીએલએસએ ના વોલન્ટીયર્સ એડવોકેટ મિત્રો જેએમસી ના કર્મચારીઓ તથા હોમગાર્ડઝના ભાઈઓ અને ઓફિસરો જોડાયા હતા.

# ડાયરા કાર્યક્રમ બાબતે ટંકારાના કલાકારને ફોન પર ધમકી, બે સામે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા ખાતે રહેતા ડાક કલાકારને બોટાદ વિસ્તારમાં ડાયરો કરવા જવાના મુદ્દે બોટાદના જ ડાક કલાકાર બે વ્યક્તિઓએ ફોન પર ગાળો આપી મારી નાખવાની ધમકી આપતા ટંકારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. હાલ પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ટંકારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ટંકારા ઘેટીયા વાસ ખાતે રહેતા અને ડાક વગાડી ડાયરો કરતા હરેશભાઈ ગુણવતભાઈ પનારાને બોટાદના




નીંગાળા ગામના શૈલેષ વિરમભાઈ રાવળ અને હરેશ કણબી દ્વારા ફોન ઉપર ધમકી આપતા ફરિયાદ નોંધાવવામાં આવી છે, જે ફરિયાદ મુજબ ગત તા. ૪ માર્ચ ૨૦૨૬ના રોજ ફરિયાદી હરેશભાઈને આરોપી હરેશ કણબીએ મોબાઈલ પરથી ફોન કરી ગાળો આપી અને બાદમાં આરોપી શૈલેષ રાવળે ફોન પર વાત કરીને બોટાદ વિસ્તારમાં ડાયરો કરવા ન આવવા ચેતવણી આપી હતી.

આરોપીઓએ ફરીયાદીને કહ્યું કે, ''અહીં ડાયરો કરવા આવશે તો હાથ-પગ ભાંગી નાખીશું'' કહી મારી નાખવાની ધમકી આપી હતી. અગાઉ પણ આરોપી શૈલેષ રાવળ દ્વારા ફોન ઉપર ફરિયાદીને ગાળો અને ધમકી આપવામાં આવી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. હાલ પોલીસે બન્ને આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હળવદમાં બુટલેગરના રહેણાંકમાંથી વિદેશી દારૂના ૨૩૮ ચપલા ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસે પૂર્વ બાતમીને આધારે ધ્રાંગધ્રા દરવાજા નજીક રાવલફળીમાં બુટલેગરના રહેણાંક મકાને રેઈડ કરતા, જ્યાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૮૦મીલી.ની ૨૩૮ નંગ બોટલ ઝડપાઇ હતી. રેઈડ દરમિયાન આરોપી હાજર નહીં મળી આવતા હળવદ પોલીસે તેને આ કેસમાં ફરાર દર્શાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ ટાઉનમાં ધ્રાંગધ્રા દરવાજા અંદર રાવલફળીમાં બુટલેગર કિશન બાબરીયાએ પોતાના ઘરમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી તેનું વેચાણ કરતો હોવાની મળેલ બાતમીને આધારે હળવદ પોલીસે ઉપરોક્ત બુટલેગરના રહેણાંકે દરોડો પાડ્યો હતો, દરોડા દરમિયાન ઘરમાંથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૧૮૦મીલી.ની ૨૩૮ નંગ બોટલ કિ.રૂ.૨૩,૮૦૦/-મળી આવી હતી. રેઈડ દરમિયાન આરોપી કિશનભાઈ ઉર્ફે કારીયો પ્રવીણભાઈ બાબરીયા રહે. હળવદ વાળો હાજર નહિ મળી આવતા તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરીને તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીના ઉમા ટાઉનશીપમાં વૃદ્ધનું અગમ્ય કારણોસર મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-૨ ઉમા ટાઉનશીપ વિસ્તારમાં રહેતા ૮૫ વર્ષીય વૃદ્ધનું પોતાના ઘરે અગમ્ય કારણોસર મોત થયું હતું. આ બનાવ અંગે મોરબી સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા અ.મોત નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ ઉમા ટાઉનસીપમાં રહેતા રામજીભાઈ જાદવજીભાઈ ઉઘરેજા ઉવ.૮૫નું ગઈકાલ તા.૧૩ માર્ચના રોજ પોતાના ઘરે અગમ્ય કારણોસર મોત થયું હતું. બાદમાં પરિવારજનો દ્વારા તેમને સારવાર માટે મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં હાજર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ત્યારે મૃત્યુના બનાવ અંગે સીટી બી ડિવિઝન પોલીસે અ.મોત દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# ચાર્ટટ એકાઉન્ટટે બોગસ કાગળો બનાવી કારખાનેદારના નામે લીધી રૂ.૫૭.૧૦ લાખની લોન

## કોટેશનના આધારે મશીનરી ખરીદ કરી સાળાના એકાઉન્ટમાં ૫૦ લાખની એન્ટ્રી સુલ્ટાવવાના બહાને કારખાનેદાર સાથે છેતરપીંડી કરી હોવાની ફરીયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર રહેતા પટેલ કારખાનેદારને ફૂલછાબ ચોકમાં આવેલ સ્ટાર પ્લાઝામાં ઓફિસ ધરાવતા ચાર્ટટ એકાઉન્ટટે બોગસ કાગળો ઉભા કરી કારખાનેદારના નામે રૂ.૫૭.૧૦ લાખની લોન લઇ ઓળવી જતા પ્ર.નગર પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિ-તી મુજબ કોઠારીયા રોડ પર વિનોદનગર મેઇન રોડ પર રહેતા નિતિનભાઇ વલ્લભભાઇ સાવલીયા (ઉ.વ.૪૨)એ પ્ર.નગર પોલીસમાં ચાર્ટટ એકાઉન્ટટ જતીન નરેન્દ્ર જાજલ (રહે.શ્રેયસ સોસાયટી, રેસકોર્ષ રોડ) વિરૂધ્ધ ફરીયાદ કરી છે કે, પટેલ યુવાન મહાવીર ટ્રેડીંગ કંપની નામે પેઢી ચલાવતા હોય અને સીએ જતીન જાજલ આ પેઢીના સીએ તરીકે ૨૦૧૪થી કામ કરતા હોય. જેથી તેની પાસે પેઢીના આઇટી રીર્ટન નિયમિત ફાઇલ કરવા માટે પટેલ કારખાનેદારના પેઢીના રબર સ્ટેમ્પ, લેટર પેડ, ડીજીટલ સીગ્નેચર, પરિવારના સભ્યોના પાનકાર્ડ, આધાર કાર્ડ, બેન્ક ખાતાને લગતા જરૂરી દસ્તાવેજો આ સીએની ઓફિસમાં રાખ્યા હોય. તે દરમ્યાન ૨૦૨૦માં પટેલ કારખાનેદારને કઠોળનો ઓટોમેટીક કલીનીક પ્રોસેસીંગ પ્લાન્ટ કરવાનો હોય જે બાબતે લોનની પ્રક્રિયા સીએ દ્વારા કરવામાં આવી હતી અને આ પ્લાન્ટ માટે હાર્દિક ઇન્ડસ્ટ્રીઝના માલિક નિલેશ પ્રકાશચંદ્ર ધાંધાના રૂ.૬૮ લાખની મશીનરીનું કોટેશન લીધુ હોય અને જેના આધારે રણછોડનગરમાં આવેલ એકસીસ બેંકમાં ૫૦ લાખની ટર્મ લોન, ૨૦ લાખની સીસી લોન લીધી હતી અને ત્યારબાદ ચાર્ટટ એકાઉન્ટટે પટેલ યુવાનના બોગસ કાગળો ઉભા કરી મશીનરી ખરીદવાનો ઓર્ડર કેન્સલ કરાવી નાખી બાદમાં કારખાનેદારના એકાઉન્ટમાં અગાઉની તેના સાળાની રૂ.૫૦ લાખની એન્ટ્રી સુલ્ટાવવાનું કહ્યું હતું. યુવાને તેની પત્ની અને પોતાના એકાઉન્ટમાંથી આ એન્ટ્રી સુલ્ટાવી દીધી હોય તેમ છતાં ચાર્ટટ એકાઉન્ટટે રૂ.૫૭.૧૦ લાખ પરત નહીં આપી વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરતા પ્ર.નગર પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

બનાવના પગલે પીઆઇ વી.આર.વસાવાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ ડી.એસ.ગજેરાએ ગુન્હો નોંધી આરોપી ચાર્ટટ એકાઉન્ટટ જતીન નરેન્દ્ર જાજલની ધરપકડ કરી વિમાનની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# કરમાળ પીપળીયા અને ભાયાવદર ગામે જુગાર રમતા ૧૦ પત્તાપ્રેમી ઝડપાયા

## ભાયાવદરમાં બંધ દુકાનના તાળા તોડી વાસણ અને રોકડની ચોરી કરનાર બાળ આરોપ ઝડપાયો







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રેન્જ આઇજી નિર્લિપ્ત રાયએ ચાર્જ સંભાળ્યા બાદ રાજકોટ ગ્રામ્ય પોલીસ હરકતમાં આવી કામગીરી કરવાનું શરૂ કર્યુ હોય તેમ કોટડાસાગાણીના કરમાળ પીપળીયા અને ભાયાવદરમાં પોલીસે જુગારના દરોડા પાડી ૧૦ પત્તાપ્રેમીઓને દબોચી લઇ ક્વોલીટી કેસ નોંધી કામગીરી શરૂ છે.

પ્રથમ દરોડામાં કોટડા સાંગાણી તાલુકાના કરમાળ પીપળીયા ગામે જુગારનો અખાડો ચાલતો હોવાની હકિકત મળતા સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી ગ્રામ્ય એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ એલસીબીની ટીમે કરમાળ પીપળીયા ગામની સીમમાં સુરેશ બાવા પડાળીયાની વાળીએ દરોડો પાડતા જુગાર રમતો દિવ્યેશ વિરજી વિરડીયા (રહે.ધોધાવદર, તા.ગોંડલ), દિલીપ ઉર્ફે મુન્નો જયંતિ ભાલાળા (રહે. કમઢીયા, તા.ગોંડલ), લખમણ બચુ કયાડા (રહે.રામોદ, તા.કોટડા સાંગાણી) સહિત ત્રણ શખ્સોને દબોચી લઇ રોકડા રૂ.૫૨૫૦૦, ત્રણ મોબાઇલ, બે બાઇક સહિત રૂ.૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી વાડી માલીક સુરેશ પડાલીયાની શોધખોળ શરૂ કરી છે.

જયારે બીજા દરોડામાં ગ્રામ્ય એલસીબીની ટીમે ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ પડાવલા રોડ પર ગરેડાની ધારથી ઓળખાતી સીમમાં દરોડો પાડી જુગાર રમતો સુરેશ ગોરધન મારસોણીયા, કલ્પેશ રાજેશ સાથડીયા, રાણા ખોડા કુનતીયા, દિલીપ અશોક સોલંકી, બુધેશ ભનુ ચૌહાણ, હસમુખ ડાયા ઠક્કરાણી, હરેશ જયંતિ ઠક્કરાણી સહિત સાત પત્તાપ્રેમીઓને ગ્રામ્ય એલસીબીની ટીમે દબોચી લઇ રોકડ, મોબાઇલ અને વાહનો સહિત કુલ રૂ.૧.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે ભાયાવદર પોલીસ મથકના પીઆઇ વી.સી.પરમારની સુચનાથી એએસઆઇ શક્તિસિંહ, હેડ કોન્સ. રણજીતભાઇ, કુલદિપભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, એક બાળ આરોપી ચોરાઉ મુદ્દામાલ વેચવા નિકળવાનો હોવાની હકિકતના આધારે પોલીસે બાળ આરોપીને દબોચી લઇ સ્ટીલના વાસણો તથા રોકડા રૂ.૬૩૪૦ સહિતનો મુદ્દામલ કબ્જે કરી આકરી પુછપરછ કરતા આ બાળ આરોપીએ અગાઉ ભાયાવદરમાં બંધ દુકાનના તાળા તોડી ચોરી કરી હોવાની કબુલાત આપી હતી.

# રાજકોટ AIIMSના ઈન્ટર્ન ડૉક્ટરનો આપઘાત : ટ્રેન નીચે આવી જીવન ટૂંકાવ્યુ

## મેન્ટલી ડિસ્ટર્બ હોવાનો સુસાઇડ નોટમાં ઉલ્લેખ; દોઢ મહિના પહેલા ગ્રામજનોએ સુસાઇડ કરતા બચાવ્યો હતો



રતનકુમાર મેઘવાલ, મૃતક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની હોસ્પિટલના AIIMSના વિદ્યાર્થી અને ઇન્ટર્ન ડોક્ટરે પરાપીપળીયા રેલવે ફાટક પાસે આજે ૧૪ માર્ચના વહેલી સવારે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. જેમાં તેમની પાસેથી પોલીસને સુસાઇડ નોટ મળી આવી છે. જેમાં મેન્ટલી ડિસ્ટર્બ હોવાને કારણે જીવન ટૂંકાવી દેવાનું અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ યુવાને દોઢ માસ પૂર્વે આપઘાતનો પ્રયાસ કર્યો હતો જોકે તે વખતે પરાપીપળીયાના ગ્રામજનોએ તેને બચાવી લીધો હતો, પરંતુ આ વખતે તે જ જગ્યાએ આપઘાત કરવા પહોંચેલા યુવાનને કોઈ બચાવી ન શક્યું. પુત્રના સુસાઇડની જાણ થતા રાજસ્થાન રહેતા માતા-પિતા શોકમાં ગરકાવ થઈ ગયા છે.

મૂળ રાજસ્થાનના જેસલમેરનો અને હાલ રાજકોટની AIIMS હોસ્પિટનો MBBSનો વિદ્યાર્થી ડૉ. રતનકુમાર મોહનલાલ મેઘવાલ (ઉં.વર્ષ ૨૫, નિવાસ સ્થાન- મેઘવાલ વાસ, જેસલમેર, રાજસ્થાન)આજે વહેલી સવારે ૪ વાગ્યા આસપાસ મેડિકલ હોસ્ટેલથી નિકળ્યો હતો અને તે બાદ ૪૪૫ વાગ્યા આસપાસ પરાપીપળીયા રેલવે ટ્રેક પાસે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. જેથી ગાંધીગ્રામ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સુસાઇડ નોટ મળી આવી છે. જેમાં પોતે મેન્ટલી ડિસ્ટર્બ હોવાને કારણે આપઘાત કરી રહ્યો હોવાનો ઉલ્લેખ છે.

હાલ આ યુવાનના મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવ્યો છે. યુવાન મૂળ રાજસ્થાનનો હોવાથી તેમના માતા-પિતાને જાણ કરવામાં આવી છે. જેથી તેઓ રાજસ્થાનથી નીકળી ગયા છે અને તેમના આવ્યા બાદ યુવાનનો મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવશે. જોકે ડોક્ટર બનવાનું સ્વપન લઈને બેસેલા યુવાનના સુસાઇડથી પરિવારમાં કાળો કલ્પાંત ફેલાઈ ગયો છે.

મેડિકલના વિદ્યાર્થીએ ગત ૨૮ જાન્યુઆરીના પણ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તે વખતે પણ તે વહેલી સવારે હોસ્ટેલમાંથી નીકળ્યો હતો અને ત્યારબાદ પરાપીપળીયા રેલવે ટ્રેક પાસે પહોંચી ગયો હતો. મેડિકલનો વિદ્યાર્થી ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરે તે પૂર્વે જ ગ્રામજનો દ્વારા આ યુવાનને બચાવી લેવામાં આવ્યો હતો. AIIMS હોસ્પિટલના જણાવ્યા પ્રમાણે, આ યુવાન મેન્ટલી ડિસ્ટર્બ હતો અને તે વખતે તેનું કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતુ. જે બાદ તેના માતા પિતાને ત્યાં મોકલી દેવાયો હતો. જે પછી આ યુવાન AIIMS હોસ્પિટલના કેમ્પસમાં રહેતો ન હતો. જોકે પોલીસનું કહેવું છે કે, તે મેડિકલ હોસ્ટેલમાં જ રહેતો હતો અને વોર્ડને જ આ વિદ્યાર્થી છાત્રના મૃતદેહને ઓળખી બતાવ્યો હતો. હાલ યુવાન પાસેથી સુસાઇડ નોટ મળી આવી છે. જેના આધારે મેડિકલના વિદ્યાર્થીએ કયા કારણોથી આપઘાત કર્યો તે અંગે તપાસ શરૂ કરી છે.

# ૧૪ વર્ષની સગીરાને પાંચ માસ સુધી ગર્ભનિરોધક ગોળી ખવડાવી કાકાએ દુષ્કર્મ આચર્યુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કાકા-ભત્રીજીના સંબંધને લજવતો ચકચારી કિસ્સો સામે આવ્યો છે. ૧૪ વર્ષીય ભત્રીજી પર કૌટુંબિક કાકાએ પાંચ મહિના સુધી દુષ્કર્મ આચર્યાનો ઘટસ્ફોટ થયો છે. ચોંકાવનારી વાત એ છે કે, સગીર ભત્રીજી ગર્ભવતી ન બને તે માટે કાકા દ્વારા તેને ગર્ભનિરોધક ગોળીએ ખવરાવવામાં આવતી હતી. સગીરાને પેટમાં દુઃખાવો ઉપડ્યા બાદ હોસ્પિટલે સારવાર માટે લઈ જવાતા આરોપી કાકાનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે કાકાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. સગીરાની માતા રિસામણે બેસી હોય તે અને તેના પિતા કાકા સાથે રહેતા હતા. કાકા અને ભત્રીજી જ્યારે ઘર પર એકલા હોય ત્યારે તેનો લાભ ઉઠાવી કુકર્મ આચરતો હતો.

આ શરમજનક ઘટનાનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે બુધવારના રોજ ૧૪ વર્ષની સગીરાને અચાનક પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. મધ્યપ્રદેશના ઉજ્જૈનથી રાજકોટ આવીને કામ કરતા પરિવારમાં જ્યારે બાળકીની તબિયત લથડી, ત્યારે તેના પિતાએ તેની પૂછપરછ કરી હતી. આ દરમિયાન બાળકી પાસેથી કેટલીક શંકાસ્પદ ગોળીઓ મળી આવી હતી. બાળકીને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવી, જ્યાં તબીબોએ તપાસ બાદ જણાવ્યું કે આ ગોળીઓ ગર્ભનિરોધક છે. તબીબોએ પિતાને ચેતવણી આપી હતી કે આટલી નાની વયે આવી ગોળીઓના સતત સેવનથી ગર્ભાવસ્થા તો અટકે છે, પરંતુ શરીરમાં ગંભીર ઇન્ફેક્શન અને જીવલેણ જોખમ ઊભું થઈ શકે છે.

તબીબોની વાત સાંભળી પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જ્યારે બાળકીને વિશ્વાસમાં લઈને પૂછવામાં આવ્યું ત્યારે તેણે રડતા રડતા પોતાની સાથે વીતેલી ૫ મહિનાની આપવીતી વર્ણવી હતી. સગીરાએ જણાવ્યું કે તેનો કૌટુંબિક કાકો, જે તેમની સાથે જ રહે છે, તે છેલ્લા પાંચ મહિનાથી જ્યારે ઘરમાં કોઈ ન હોય ત્યારે તેની સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધતો હતો. પાપ છુપાવવા માટે તે બાળકીને સતત ગોળીઓ ખાવા મજબૂર કરતો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. ૩૭ વર્ષીય આરોપીની પત્ની છેલ્લા ૮ મહિનાથી તેના ૪ બાળકો સાથે પિયરમાં રિસામણે રહેવા જતી રહી હતી. ઘરમાં પત્નીની ગેરહાજરીનો લાભ ઉઠાવી કાકાએ પોતાની જ ભત્રીજી પર નજર બગાડી હતી. પાંચ મહિના પહેલા જ્યારે પિતા મજૂરી કામ માટે બહાર ગયા હતા, ત્યારે આરોપીએ પ્રથમ વખત દુષ્કર્મ આચર્યું હતું અને ત્યારબાદ સતત ધાકધમકી આપીને બાળકીનું શોષણ ચાલુ રાખ્યું હતું.

બાળકીના પિતાએ આ મામલે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી વિરુદ્ધ BNS ની કલમ ૬૫(૧), ૩૫૧(૩) અને પોક્સો એક્ટની કલમ ૪(૨) તથા ૬(૧) મુજબ ગુનો દાખલ કર્યો છે. પીઆઈ સુધીર રાણાના માર્ગદર્શન હેઠળ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી લીધી છે.

# ઈરાનના સુપ્રીમ લીડરનું ઉપરાણું લઈ હર્ષ સંઘવી વિરુદ્ધ ઝેર ઓકનારો ઝડપાયો

## રાજકોટના શખ્સે વીડિયો બનાવી ગૃહ રાજ્યમંત્રીને ગાળો ભાંડી ધમકી આપી'તી : સાયબર ક્રાઈમે હૈદરાબાદથી દબોચ્યો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોશિયલ મીડિયામાં ઈરાનના સુપ્રીમ લીડરનું ઉપરાણું લઈ રાજ્યના ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી વિરુદ્ધ અભદ્ર ભાષાનો પ્રયોગ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપનાર શખ્સને સાયબર ક્રાઈમની ટીમે હૈદરાબાદથી ઝડપી લીધો છે. પકડાયેલ આરોપી આસિફ ઉર્ફે બુઢાએ માત્ર ધમકી જ નહોતી આપી પરંતુ પોતાના મિત્ર સાથે ગદારી કરી તેના ઘરેથી ર ૧.૫૦ લાખની ચોરી કરી નાસી છૂટ્યો હતો.

આ અંગેની વિગતો મુજબ, સોશિયલ મીડિયામાં એક વિડીયો વાયરલ થયો હતો, જેમાં આસિફ નામનો શખ્સ ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈનું ઉપરાણું લઈ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીને બેફામ ગાળો ભાંડી રહ્યો હતો. આ શખ્સે એક નહીં પણ ત્રણ વિડીયો બનાવી સોશિયલ મીડિયા પર અપલોડ કર્યા હતા. મામલો બિચકતા તેણે માફી માંગતો વિડીયો પણ મુક્યો હતો પરંતુ સાયબર ક્રાઈમે ગુનો નોંધી તેની શોધખોળ આદરી હતી. બીજી બાજુ, રાજકોટના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતા સલમાનભાઈ નકુમે પોતાના મિત્ર આસિફ ઉર્ફે બુઢા હનીફભાઇ કુંઢા પર વિશ્વાસ મૂકી ઘરની ચાવી સોંપતા આસિફે મિત્રતા લજવી ઘરમાંથી ૧.૫૦ લાખની રોકડ ચોરી કરી લીધી હોવાનું સામે આવતા તાલુકા પોલીસ મથકમાં ચોરીનો ગુનો નોંધાયો હતો. દરમિયાન સાયબર ક્રાઈમ પીઆઈ જે.એમ. કૈલા અને તેમની આધારે આરોપીનું . આરોપી હૈદરાબાદમાં હોવાની ચોક્કસ માહિતી મળતા ટીમે આરોપીને દબોચી લીધો હતો. તપાસમાં સામે આવ્યું હતું કે, આરોપી અગાઉ ખાનગી ટ્રાવેલ્સમાં ક્લીનર તરીકે કામ કરતો હતો. મિત્રના ઘરે ચોરી કર્યા બાદ તે અમદાવાદ અને ત્યાંથી હૈદરાબાદમાં એક હોટેલના હાઉસ કીપિંગ વિભાગમાં છુપાઈને નોકરી કરતો હતો. રાજકોટમાં તેની માતા અને બહેન રહે છે. પોલીસ તપાસમાં આરોપીએ ઉશ્કેરાટમાં આવી વીડિયો બનાવ્યો હોવાનું સામે આવ્યું છે.

# આજી G.I.D.C.માં કંપનીમાં આગ ભભૂકી : સોલાર પેનલ, રો-મટીરિયલ સહિત બળીને ખાખ



## બાંધકામ સાઈટ પરથી કોઈ દ્વારા જ્વલંત પદાર્થ ફેંક્યાનો માલિક યશવંતભાઈનો આક્ષેપ : ફાયર વિભાગની તાત્કાલિક કામગીરી; ૬ થી ૭ ટન જેટલો માલ બચાવી લેવાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના અમૂલ સર્કલ નજીક આવેલી આજી G.I.D.C. વિસ્તારમાં વધુ એક આગની ઘટના સામે આવી છે. કંપનીમાં અચાનક આગ લાગતા મશીનરી અને અન્ય સામાન બળી ખાખ થઈ ગયો હતો. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

મળતી માહિતી મુજબ, ગઈકાલે શહેરના અમૂલ સર્કલ પાસે આવેલી આજી G.I.D.C. વિસ્તારમાં સ્થિત કાસ્ટ એન્ડ બ્લોવર કંપનીમાં અચાનક આગ લાગી હતી. બનાવની જાણ થતાની સાથે જ બેડીપરા ફાયર બ્રિગેડનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો. કંપનીના કલર બુથ મશીનમાં આગ ફાટી નીકળી હતી. ફાયર ટીમ દ્વારા ૧ કલાક સતત પાણીનો ચલાવી સંપૂર્ણ આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી.

આગની ઘટનામાં કંપનીમાં રહેલ ૩ કલર બુથ, પાણીનું જેટરીયું મશીન, પતરાના શેડ પર લગાવેલ સોલાર પેનલ, ઇલેક્ટ્રિક વાયરીંગ તેમજ રો મટીરિયલ બળીને ખાખ થઈ ગયા હતા. જોકે ફાયર વિભાગની તાત્કાલિક કામગીરીને કારણે અંદાજે ૬ થી ૭ ટન જેટલો માલ બચાવી લેવામાં આવ્યો હતો.

કંપનીના માલિક યશવંતભાઈ એ જણાવ્યું હતું કે, કંપનીમાં કાસ્ટીંગની કામગીરી કરવામાં આવે છે. આગ લાગી ત્યારે હું ત્યાં હાજર ન હતો. આગ કંપનીમાં કોઈપણ પ્રકારની શોર્ટ સર્કિટથી લાગેલ નથી પરંતુ બાજુમાં રહેલ બાંધકામ સાઈટ પરથી કોઈ દ્વારા કંઈક જ્વલંત પદાર્થ ફેંકવામાં આવતા આગ લાગી હોય તેવો અંદાજ લગાવી શકાય પણ હજુ કોઈ ચોક્કસ કારણ હજુ સામે આવ્યું નથી. તેમજ આગમાં કેટલી નુકશાનની થયેલ તેપણ હજુ જણાવી શકાય નહીં. સમગ્ર બનાવમાં કોઈપણ પ્રકારની જાનહાનિ થયેલ નથી.

આ તકે ફાયર વિભાગના રાજેશભાઈ વાગડીયા, રોહિતભાઈ ડાભી, નિલેશભાઈ, જાવેદભાઈ દલ, અલ્પેશભાઈ વડેખણીયા, મયુરભાઈ, શૈલેષભાઈ, વિજયભાઈ અને નરેશભાઈ દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

# બહેન-બનેવીએ પુત્ર આપવા દબાણ કરતા મહિલાનો આપઘાતનો પ્રયાસ

## કરણસિંહજી હાઈસ્કૂલ પાસે ફિનાઈલ પી ભરેલું પગલું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના શેમળા ગામની વતની હાલ માવતરે રહેતી પરિણીતાએ સવારે કરણસિંહજી હાઈસ્કૂલ પાસે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર હેઠળ ખસેડાઈ હતી. બનાવના પગલે પોલીસે તપાસ હાથ ધરતા બહેન-બનેવી મહિલાને પુત્ર આપવા દબાણ કરતા હોવાથી કંટાળી જઈ પગલું ભર્યાનું જાણવા મળ્યું છે.

હાલ શહેરમાં માવતર રહેતી શીતલ સંજયભાઈ મકવાણા ઉ.૨૮ નામની મહિલાએ કરણસિંહજી હાઈસ્કુલ પાસે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. બનાવના પગલે હોસ્પિ. ચોકીના સ્ટાફે નોંધ કરી એ ડીવીઝન પોલીસને જાણ કરતા એએસઆઈ રમેશ ચૌહાણ સહિતનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા તેણીએ જણાવ્યું હતું કે તેણીને તેનો પતિ ત્રાસ આપતો હોવાથી હાલ તે પિતાના ઘરે રહે છે. તેમજ બહેન રૂપા અને બનેવી રવિ તારો દિકરો મને આપી દે કહી છરી બતાવી ધમકી આપી પુત્રને સોંપી દેવા દબાણ કરતા હોવાથી તેણીએ અંતે કંટાળી જઈ પગલું ભર્યાનું જણાવતા પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી છે.

# 3 લાખની લાંચ માંગતા ભાજપના પૂર્વ કોર્પોરેટરનો વિડીયો વાયરલ



## પૂર્વ કોર્પોરેટરે બાંધકામ રોકાવતા કોન્ટ્રાક્ટરે સરકીટ હાઉસમાં ભ્રષ્ટાચાર ઉઘાડો પાડવા છટકુ ગોઠવ્યું : છેલ્લે સવા લાખમાં પતાવટ માટે અનિલ મકવાણા તૈયાર થયા હોવાનો વિડીયો વાયરલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ભાજપના પૂર્વ કોર્પોરેટર રવિરત્ન પાર્કમાં મકાન રિનોવેશનમાં ગેરકાયદેસ બાંધકામની મહાપાલિકામાં અરજી કરી બાંધકામ અટકાવી દેતા ફરી બાંધકામ ચાલુ કરવા કોન્ટ્રાક્ટર અને પૂર્વ કોર્પોરેટર વચ્ચે પૈસાની વાતચીતનો વાયરલ થયેલ વિડીયોએ શહેરભરમાં ખળભળાટ મચાવ્યો છે.કોન્ટ્રાક્ટરે આ વિડીયો ઉતારી લઈ બાદમાં મિડીયા સમક્ષ રજુ કર્યો હતો. જો કે, પૂર્વ કોર્પોરેટરે આ વિડીયોને ખોટો ગણાવ્યો છે.

રવિરત્ન પાર્કમાં માસીના દિકરાનુ મકાન રિનોવેશન કરનાર કોન્ટ્રાક્ટર દિલીપભાઈ વાગડીયાએ આ વિડીયો વાયરલ કર્યો છે. આ મામલે તેઓએ જણાવ્યું હતું કે, ગત જાન્યુઆરી મહિનામાં મહાપાલિકા દ્વારા બાંધકામ અટકાવવાની નોટિસ મળી હતી.

આ અંગે તપાસ કરતા આ અરજી 'ચોકીદાર અનીલ' નામના મેઈલમાંથી કરવામાં આવી હતી અને તે ભાજપના પૂર્વ કોર્પોરેટર અનિલભાઈ મકવાણાએ કરી હોય તેઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

૬ ફેબ્રુઆરીએ સાંજે અનીલભાઈને ફોન કરતા તેઓએ તા.૭ના રોજ સવારે સરકિટ હાઉસ ખાતે મળવા જણાવ્યું હતું અને મળ્યા હતા જેમાં ૩ લાખની માગણી કરી હતી અને સાંજે ફરી બેઠક થઈ હતી. તેમાં આટલી મોટી રકમ ન હોય થોડી રકમ ઘટાડવા માટે વિનંતી કરવામાં આવી હતી. ત્યારે તેઓએ કહ્યું હતુ કે, અરજી પાછી ન ખેંચી શકાય પરંતુ અરજીમાં મળેલ જવાબ સંતોષકારક છે એમ કહી ૩ લાખ આપવા કહ્યું હતું આમ છતા ૨૫-૫૦ હજારનું માન રાખવામાં આવશે.

ત્યારબાદ ફરી રૂબરૂ મળતા પૂર્વ કોર્પોરેટર કહ્યું હતું કે, હું જાહેર જીવનનો માણસ છું, મારે અરજી પાછી ન ખેંચાય મારા કાંડા કપાઈ જાય, માથે ચુંટણી છે અને મારે મોટો કાર્યક્રમ અને સમુહલગ્ન કરવાના છે એટલે છેલ્લે ૧.૨૫ લાખથી ઓછે એક રૂપિયો પણ નહીં ચાલે, તેમ કહી બાઈક લઈ નીકળી ગયા હતા. ત્યારે કોન્ટ્રાક્ટરે કહ્યું હતું કે, મારા મજુરો હેરાન થાય છે પતાવોને, ૬૦ હજાર લઈ લો, પૂર્વ કોર્પોરેટર કહે છે, ના રહેવા દે, તારાથી ભેગુ નહી થાય, હાલ પછી ફોન કરજે..આવા સંવાદ સાથેનો વિડીયો વાયરલ થતા શહેરભરમાં ચર્ચા જાગી છે

# વોર્ડ નં.૭ના ભાજપના યુવા મોરચાના ઉપપ્રમુખ તરીકે અનિરૂધ્ધસિંહ વાળાની નિમણૂંક



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નં.૭ના યુવા મોરચાના ઉપપ્રમુખ-મંત્રી સહિતના હોદ્દેદારોની નિમણૂંક ગઈકાલે શહેર અધ્યક્ષ માધવ દવેએ પ્રભારી અનિરૂધ્ધભાઇ દવે અને અન્ય હોદ્દેદારો સાથે ચર્ચા કરી હતી. જેમાં રાજકોટના વોર્ડ નં.૭ના યુવા મોરચાના ઉપપ્રમુખ તરીકે પૂર્વ યુવા પ્રમુખ ક્ષત્રીય આગેવાન, સામાજીક અગ્રણી અને યુવા ઉદ્યોગપતિ અનિરૂધ્ધસિંહ વાળાની નિમણૂંક કરાઇ હતી. જેને સમગ્ર શહેર ભાજપમાંથી આવકાર મળી રહ્યો છે.

## રાજયમાં બે દિવસ વરસાદની આગાહી; જીરું, ઘઉં, ચણા સહિતનાં પાકને નુકસાનની ભીતિ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી ગરમીમાં આંશિક રાહત